સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બદલાવે જૂથ-પક્ષ કાચંડા લાભથી લેટે છે,
થાય છે વિશાળ ઉદર અનેક પાપ પેટે છે.
ભેટે છે વિરોધીને પણ પ્રેમથી, દંભી કાચંડા -
બદલે રોજ રંગ કાચંડા સિદ્ધાંતથી છેટે છે...
(રાજકોટ પ્રાકૃતિક ફોટો પ્રદર્શનનો એક ફોટોગ્રાફ)

હાઈકુ

પ્રસાદી પછી -
ગુનેગારથી પણ -
અપનાપન ?!
(નવી યોજના!)

ચાલે છે દેશ
'કુટુંબ' ભાવનાથી
ઘર ના ભૂવા -
(મહારાષ્ટ્ર-પ્રધાનમંડળ રચના)

ચિંતન

કબિરા મન હિ ગયંદ હૈ, અંકુશ, દૈ દૈ રાખું,
વિષ કી બેલી પરિહરો, અમૃત કા ફળ ચાખુ.

ઉપરોક્ત સાખી 'કહત કબીરા'માંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે આ મન એક મદમસ્ત હાથી છે. હાથીને છૂટો ન મૂકાય. છૂટો મૂકો તો ભારે વિનાશ વેરી લોકોને ત્રાહિમાન પોકારાવી દે. એ માટે મહાવત તેને અંકુશમાં રાખે છે.

કબીર મૃત્યુલોકના માનવીઓને શીખ આપતાં કહે છે કે હે માનવ જીવો ! તમારા ચંચળ અને અવળચંડા 'મન'ને વૈરાગ્ય અને જ્ઞાનરૂપી અંકુશથી વશમાં રાખો. વિષયરુપી વિષની વેલીને વળગીને ન રહો. તેનો આસ્વાદ ન માણતા મન રૂપી હાથીને જ્ઞાનરુપી અંકુશથી વશ કરી, વિષય સુખને ત્યાગી સાચા આત્મસુખનો અનુભવ કરો.

માનવી પોતાના ચંચળ-ચલિત મનથી 'મન'- ફાવે તેમ કોઈ પણ બંધન વિના જાણે મને કોઈ જોતું નથી અને મારું વર્તન-આચરણ કોઈ સમજતું નથી એમ વર્તે છે. આવાં બેફામ ચરિત્રનો પર્દાફાશ એક દિવસ જરૂર થશે જ કોઈ પાપ ઢાંક્યું રહેતું નથી.

સુવિચાર

- કોઈ હીરાની પ્રશંસા ન કરે તો એનું તેજ કંઈ ઓછું થઈ જતું નથી - **નવનીત**
- સુખમય જીવન પસાર કરવાની જરૂર બહુ ઓછી હોય છે - **સંતરામ**
- ઈશ્વર એક વૃત્ત છે, જેનું કેન્દ્ર સર્વત્ર છે, પણ એની વૃત્તરેખા ક્યાંક નથી - **સંત ઓગસ્ટિન**
- સ્નેહનો તંતુ મનુષ્યના અંતરને સીવે છે - **ભવભૂતિ**
- આપણે તો પડી ગયેલાને બેઠા કરવાનાં છે, 'કેમ પડી ગયો ?' તે પૂછવાનું નહીં - **દાદા ભગવાન**
- 'આપણે શું છીએ ?' અને 'આપણે શું છે?' એ આપણે સમજવાનું છે, કોઈને કહેવા માટે નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ - મોળું દહીંનું સેવન નિયમિત કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માધવરાવ પેશ્વા પોતાના જન્મદિવસે ગરીબોને દાન આપતા, કોઈને વસ્ત્ર તો કોઈને ભોજન, કોઈ એવું પણ કહે કે મારી પાસે રોટલો છે છે પણ વસવા માટે ઓટલો નથી તો એવા સમયે પેશ્વા એને મકાન બાંધવા ભૂમિદાન પણ કરતા. એકવાર એક તેર વર્ષનો બાળ બ્રાહ્મણ તેમની પાસે આવ્યો. માધવરાવ તેને ચાંદીનો સિક્કો દાન આપવા લાગ્યા ત્યારે બાળ બ્રાહ્મણે દાન લેવાનો ઈન્કાર કર્યો. ત્યારે પેશ્વાએ પૂછ્યું, 'હેં, કુમાર !! તમે કયું દાન ઈચ્છો છો ?' બાળબ્રાહ્મણે કહ્યું, 'મેં જોયું છે કે ધનિક સમય જતાં નિર્ધન બની જાય છે. આથી જ લક્ષ્મી ચંચળ કહેવાય છે. અન્નદાન પણ ભોજન કરતાથી ખૂટી જવાનું છે. વસ્ત્ર પણ સમય જતાં ફાટી જવાનું છે. ભૂમિદાન પણ સમય જતાં વ્યર્થ બની રહે છે.' પેશ્વાએ પૂછ્યું, 'તો આપ ક્યા પ્રકારનું દાન ઈચ્છો છો ?' બાળ બ્રાહ્મણે કહ્યું, 'હું એવું દાન ઈચ્છું છું કે જે સદૈવ મારી સાથે રહે. કદીય ખૂટે નહીં મારે જ્ઞાનદાન જોઈએ છે. વિદ્યાઅભ્યાસ માટે મારી પાસે ધન નથી. મને અભ્યાસની વ્યવસ્થા કરી આપશો તો હું આજીવન આપનો ઋણી રહીશ.' માધવરાવ બાળબ્રાહ્મણની ચતુરાઈથી પ્રસન્ન થયા અને એમના અભ્યાસની જરૂરી વ્યવસ્થા કરવી આપી.એ બાળક સમય જતા મોટો થઈને પ્રસિદ્ધ ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી બન્યા. રામશાસ્ત્રી એમની પ્રામાણિકતા અને ન્યાયપ્રિયતાના પર્યાયરૂપ બની રહ્યા.

તુલસીદાસ ઉમાશંકર જોશીના આંગણે

તંત્રીસ્થાનેથી...

ગુજરાતની મથરાવટી મેલી છે - ખાસ કરીને તે એની સર્જક પ્રતિભાઓને પોંખવામાં ઊણું ઊતરતું રહ્યું છે. સર્જકોએ તો એને ઘણાં ઘણાં લાડ લડાવ્યાં છે, પરંતુ કોણ જાણે કેમ, ગુજરાત માત્ર વાણિજ્યનો જ મહિમા કરતું રહ્યું છે. એ મુદ્દે પણ આપણે ગૌરવ જરૂર લઈ શકીએ કે દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિઓનું ગોત્ર ગુજરાત છે - પછી તે તાતા હોય, અંબાણી હોય કે અદાણી. પરંતુ સાથે જ વિશ્વકવિઓ જોડે પાટલો માંડી શકે એવા કવિમનીષી પણ આ જ ભૂમિએ આપ્યા છે. વળી ક્યારેક હાથીની અંબાણી પર વ્યાકરણગ્રંથની સવારી કાઢીને સધરો જેસંગ પાટણના રાજમાર્ગો પર પગપાળા ચાલ્યો હતો એ તો સાહિત્ય જગતની ન ભૂતો ન ભવિષ્યતિ જેવી અભૂતપૂર્વ ઘટના છે. ગાંધીજીએ ગુર્જરી ગિરામાં જ એમનું 'હિંદ સ્વરાજ' પણ આલેખ્યું અને આત્મકથા 'સત્યનો પ્રયોગો' પણ. 'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલ ભારતની અન્ય કોઈ ભાષામાં આજપર્યંત લખાઈ નથી. આપણી ભાષામાં નોબેલપ્રાઈઝ મેળવી શકે એવી એકાધિક કૃતિઓ રચાતી રહી છે, મેળવી શકે એવી એકાધિક કૃતિઓ રચાતી રહી છે, ખાટલે ખોડ કે આપણી કૃતિઓ અંગ્રેજીમાં અનુવાદિત થતી નથી અને થતી હોય તો એમનું યોગ્ય માર્કેટિંગ નથી થતું.

ઉમાશંકર જોશી ખંભેરિયા ડુંગરના ખોળે ઊછર્યા અને શબ્દ એમને 'વિશ્વ માનવી' બનાવીએ જંપ્યો. શબ્દ તો બ્રહ્મનો જ પર્યાય છે. ઉમાશંકર જોશીએ ગિરાગુર્જરીને વિશ્વગુર્જરીની કક્ષાએ ઊંચકી. એમનું જરા જુદી ભાતનું તર્પણ કરવાનો સંકલ્પ સંત શિરોમણિ મોરારિબાપુના ચિત્તમાં સળવળ્યો. અગાઉ મહાપ્રાણ સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા' અને રવીન્દ્રનાથ ઠાકુર ઉપરાંત રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર'ના ગામ સિમરિયા ખાતે કરેલી રામકથાના અનુસંધાનમાં બાપુએ ગૂર્જરકોકિલ ઉમાશંકરની ભૂમિમાં 'માનસ-ઉમાશંકર' થીમ હેઠળ નવ દિવસીય રામકથાનું અનુષ્ઠાન કર્યું છે. ઉત્તરકાશીની કથાની જેમ બામણામાં પણ ગુજરાતી સર્જકોનો રૂડો મેળાવડો જામ્યો છે. જાણે હાજરાહજૂર તુલસીદાસ ઉમાશંકરને બિરાદાવવા સામા પગલે બામણા પધાર્યા હોય એવો માહૌલ બની ગયો છે. પ્રારંભે રઘુવીર ચૌધરીએ ઉમાશંકર જોશીના વ્યક્તિત્વ વિશે રસપ્રદ વાતો કરી. રોજેરોજ આ મહાન સર્જકની કોઈ ને કોઈ રચના વિશે અધિકારી વિવેચક ચર્ચા કરશે. કવિતા પાઠ અને ગાન પણ થશે. બામણાએ નવોઢા જેવા શણગાર્ય સજ્યાં છે એમ કહેવા કરતાં એક સંત મોરારિબાપુનું મહોરું પહેરીને એનું 'માનસ' ગાવા બીજા એક ઋષિ કવિના આંગણે ઊતરી આવ્યા છે એમ કહેવું વધુ યોગ્ય લેખાશે. કથાના આયોજનમાં નિમિત્તરૂપ યજમાન પ્રવીણ તન્નાથી લઈ બામણાના પ્રજાજનો અને સાબરકાંઠાના અગ્રણીઓ ઉમળકાભેર જોડાયા છે તે આપણી સંસ્કારિતાનો પુરાવો છે.

બંધારણે આપેલ લઘુમતીના હિતોના રક્ષણનો અધિકાર કલમ ૨૯ની સમજુતી

નાગરિકોને ભાષાકિય વારસો જાળવવાના હક્કમાં આંદોલન કરવું એ બંધારણની કલમ ૧૨૩(૩) ના ભંગ સમાન નથી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતમાં વસવાટ કરતી ધાર્મીક લઘુમતીને તેના ભાષાકિય, ધાર્મીક અને સંસ્કૃતિક વારસા અને સંસ્કારોનું જતન કરવાના હક્કની ખાતરી બંધારણની કલમ ૨૯ માં આપવામાં આવી છે. આ જોગવાઈ બીન સાંપ્રદાયીકતાને તેની મહત્તમ વ્યાપ સુધી વિસ્તારે છે એટલે બીન સાંપ્રદાયીક એ માત્ર ધર્મ, સંસ્કૃતિ સંદર્ભમાં જ નહિ પરંતુ વિવિધ ધાર્મીક સમુદાય, ભાષા, સંસ્કૃતિ અને વારસા જેવી આનુસંગીક બાબતોમાં પણ સ્પર્શે છે. કલમ ૨૯(૨) ની જોગવાઈઓનો અર્થ એ છે કે રાજય દ્વારા તેની સહાયથી ચાલતી કોઈપણ સંસ્થામાં કોઈપણ વ્યક્તિને માત્ર ધર્મ, પ્રદેશ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના આધારે પ્રવેશથી વંચીત રાખશે નહિ. નાગરિકોને તેનો ભાષાકિય વારસો જાળવવાના હક્કમાં આંદોલન કરવાનો હક્ક છે. જે બંધારણની કલમ ૧૨૩(૩) ના ભંગ સમાન નથી તેવું સર્વોચ્ચ અદાલતે ૧૯૬૫માં ઠરાવે છે.

ભારતમાં સરકારી મદદથી ચાલતી કોઈપણ ધાર્મીક, શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ, જ્ઞાતિ, ભાષા કે ધર્મના આધારે પ્રવેશનો નિર્ષેધ કરવા ઉપર બંધારણની કલમ ૨૯(૨) મુજબ પ્રતિબંધ છે.

બંધારણની કલમ ૧૫(૧) ભારતના તમામ નાગરિકોને રાજય દ્વારા ભેદભાવ સામે રક્ષણ આપે છે. જયારે કલમ ૨૯(૨) ની જોગવાઈ મુજબ રાજય કે અન્ય કોઈ સંસ્થાની સામે પણ હક્ક ઉભો કરે છે, બંધારણની કલમ ૧૫ તમામ નાગરિકોને સામાન્ય ભેદભાવ સામે રક્ષણ આપે છે. જન્મ સ્થળ અને જાતિલીંગનો ઉલ્લેખ કલમ ૨૯(૨) માં કરવામાં આવેલ નથી. જયારે ભાષાનો ઉલ્લેખ કલમ ૧૫ માં આવ્યો નથી તેથી કલમ ૨૯(૨) ની જોગવાઈ સ્ત્રીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ આપવા બાબતે કોઈ જોગવાઈ કરતો નથી તેથી સ્ત્રીઓને કોલેજમાં પ્રવેશ આપવાની બાબત કોલેજ સંસ્થાના સત્તાવાળાના નિયમો ઉપર આધારિત છે. શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશનો હક્ક નાગરિકી હક્ક છે. કોઈ જ્ઞાતિ કે વર્ગના નાગરિક તરીકેનો હક્ક નથી. આવા સંજોગોમાં લઘુમતી દ્વારા ચલાવવામાં આવતી અને રાજયની સહાયથી ચાલતી શાળામાં અન્ય વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ના કહી શકાય નહિ તેવું અદાલતે ૧૯૯૨ માં ઠરાવ્યું છે. લઘુમતી દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા રાજયની સહાયથી ચાલતી હોય તો પણ તેના વર્ગના બાળકો માટે ૫૦ ટકા સુધીની જગ્યા અનામત રાખી શકે છે.

જોકે લઘુમતી દ્વારા ચલાવવામાં આવતી કોલેજમાં અન્ય વર્ગના સભ્યને તેઓનો ધર્મ પાળવા, આચારવા માટે પ્રચાર કે પ્રસાર કરવાનો હક્ક મળતો નથી તેમજ જોગવાઈ મુજબ પ્રવેશ માટે નિયત કરેલ લાયકાત ન ધરાવનારને પણ પ્રવેશ આપી શકાય નહી, ગેરશિસ્તના કારણે વિદ્યાર્થીને શાળમાંથી દુર કરેલ હોય તો બંધારણની કલમ ૨૯(૨) મુજબનું રક્ષણ મળી શકે નહી.

બંધારણની કલમ ૧૫ અને ૨૯(૨) વચ્ચે કોઈપણ પ્રકારે મતભેદ ન ઉદ્ભવે તે હેતુથી કલમ ૧૫ માં પ્રથમ સુધારો ૧૯૫૧ થી કલોઝ ૪ માં ઉમેરવામાં આવેલ છે. જે મુજબ રાજયને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત લોકો અથવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ખાસ જોગવાઈ કરતા અટકાવી શકાશે નહિ. રાજયને નાગરિકોના સામાજીક, શૈક્ષણિક રીતે અને અનુસૂચિત જનજાતિ માટે ખાસ જોગવાઈ કરતા અટકાવી શકાય નહિ.

લઘુમતીની ઓળખ રાજયને આધારે કરવી જોઈએ, કેન્દ્ર સરકારે માત્ર નેશનલ માઈનોરીટીઝ કમિશનની ભલામણ પર જ આધાર ન રાખતા ધાર્મીક સ્થિતિને પણ ધ્યાનમાં જ રાખવી જોઈએ. આંકડાકિય સ્થીતિ એ એક માત્ર માપદંડ હોઈ શકે નહિ. લઘુમતીમાં પણ બહુમતી લોકો ઉદ્યોગપતિ, ધંધાર્થી અને વ્યવસાય કરતા તેમજ મીલ્કત ધારકો છે જ તેમનો માઈનોરીટી કમીશન એકટ મુજબ સમાવેશ કરવો કે તેમને રક્ષણ આપવું જરૂરી નથી. ભારતના બંધારણની કલમ ૨૫ થી ૩૦ માં લઘુમતીને રક્ષણ આપવા માટેની જોગવાઈઓ કરેલ છે તે તેના ધાર્મીક અને ભાષાકિય હક્કો ઉપર તરાપ સામે છે.

ધર્મ કે ભાષા ઉપર આધારિત તમામ લઘુમતીઓને પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો હક્ક છે. આવી સંસ્થાઓને મળતા દાન, ભેટ સામે રાજય ભેદભાવ રાખી શકે નહિ.

ભારતના બંધારણની કલમ ૩૦ મુજબ ધાર્મીક રીતે કે ભાષાકિય રીતે લઘુમતીને તેમની પસંદગીની સંસ્થાઓ સ્થાપવાનો તથા તેનો વહીવટ કરવાનો હક્ક, અધિકાર છે. ભાષા, લીપી અને સંસ્કૃતિ જાળવવાનો હક્ક છે. કલમ ૨૯(૧) માત્ર લઘુમતી જ નહિ પણ બહુમતી સમાજને પણ લાગુ પડે છે. સંવિધાનમાં લઘુમતી શબ્દની કોઈ જ વ્યાખ્યા કરવામાં આવેલ નથી પરંતુ કોમની વસ્તી, સંખ્યાત્મક દ્રષ્ટીએ ૫૦ ટકા કરતા ઓછી હોય તેને લઘુમતી કોમ ગણવી જોઈએ. લઘુમતીની બાબતમાં વધારે સ્પષ્ટતા કરતા સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે વ્યકિતગત કે સામુહિક લઘુમતી કાયદાના સંદર્ભમાં જ નક્કી કરવાની રહેશે એટલે કે આ અંગેનો કાયદો સંસદ દ્વારા ઘડવામાં આવ્યો હોય તો સમગ્ર દેશની કુલ વસ્તીનો માપદંડ ધ્યાનમાં લેવાનો રહે છે અને રાજય દ્વારા ઘડાયેલ કાયદાના કિસ્સામાં રાજયની વસ્તીનો માપદંડ લઈ શકાશે. આ બાબતને ધ્યાનમાં લેતા પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં

અનુસંધાન પાના નં ૭ પર

અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા, નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગાઢવી

કોઈ વ્યક્તિ સોમવારે ખુશ હોય તેને શું કહેશો ? 'રીટાયર્ડ!'

આપણે ત્યાં 'રીટાયર્ડ' થવાનું અને ત્યારબાદ શું કરવું એ અંગે ઘણી વાતો થતી હોય છે. હવેના સમયમાં સ્ત્રી-પુરુષ બંને કમાતા હોય માટે પુરુષનું 'રીટાયર્ડમેન્ટ' ઘરની સ્ત્રી માટે કોઈ નવીન બાબત ન ગણાય પણ જો વાત પહેલાની સમયની કે એવી સ્ત્રીઓની કરવામાં આવે કે જેણે ઘરની બહારના કામો આખી જિંદગી કર્યા જ નથી અને એ જવાબદારી હંમેશા ઘરના પુરુષની જ રહી હોય ત્યારે આવા ઘરોમાં પુરુષના રીટાયર્ડમેન્ટની અસર નવા - નવા ચાલવા શીખેલા બાળક જેવી હોય છે! તેણે ઘણું બોલવું હોય છે પણ તેનું શબ્દભંડોળ સીમિત હોવાને કારણે તે સતત પ્રયત્નશીલ રહ્યા કરતું દેખાય છે. એ જ રીતે ઘરની મુખ્ય વ્યક્તિ એવો કમાતો પુરુષ ઘણા વર્ષો પછી ઘરે જ રહેતો હોય ત્યારે તેને ઘણું બધું કરવું હોય છે પણ ઘરમાં સ્ત્રીનું એકચક્રી શાસન હોય તેમાં તેને પોતાની જગ્યા કરતા થોડી અગવડ જણાય છે! આ ઉપરાંત પુરુષનો 'Ego' પોતાનું વર્ચસ્વ કે મૂલ્ય સ્હેજ પણ ઓછું અંકાય તો સહી શકવાને અસમર્થ હોય છે. ઘણીવાર આખી જિંદગી સ્ત્રીને 'ઘરમાં શું કામ હોય ?' તેમ જ 'ઘરમાં રહેવાનું સતત તો કેવી નિરાંત !' એમ કહેનાર પુરુષ જયારે પોતે ઘરે રહે ત્યારે તેને ઘરમાં રહેવાની સાચી પરિસ્થિતિનો સ્વઅનુભવ થાય છે. પુરુષો રીટાયર્ડ થતા જ હોત તો કદાચ ગૃહિણીના ખરા ત્યાગ કે સમર્પણની કદર તેને કયારેય થાત જ નહિ તેવું લાગે છે !

રીટાયર્ડ થયા પછી જીવનમાં આવી ચડેલા આ ખાલીપાને અમુક લોકો રંગોળીના મેઘધનુષી રંગોતી રંગી શકે છે જયારે અમુક લોકો આ સમયમાં સ્તબ્ધ બનીને કઈ રીતે આ ક્ષણને પસાર કરવી તેની અવઢવમાં રહે છે. આ ફુરસદનું શું કરવું એ અંગે દરેકનું મંતવ્ય જુદું-જુદું જ રહેવાનું! કવિ કિશોર જીકાદરા લખે છે તેમ :

"સાંજ ઢળી છે, કામ હવે થૈ શકશે એક જ,
ફુગામાં નિશ્વાસો ભરશું ? ફુરસદ છે ને ?
અંત વિનાનું કામ તમોને ના પણ ગોઠે,
અર્થ વગરની વાતો કરવું, ફુરસદ છે ને ?
લાવો પથ્થર યાદ કરો, મેં એમ કહ્યું'તું;
ફુરસદમાં ઈશ્વરને ઘડશું, ફુરસદ છે ને ?"

વૃદ્ધાવસ્થા કે રીટાયર્ડમેન્ટ એ જીવતાં આવડે તો જીવનનો સૌથી શ્રેષ્ઠ તબક્કો બની શકે ! મોટા ભાગના પુરુષો નોકરીમાં મળતા માન-મોભાની ખોટી વાહ-વાહીમાંથી બહાર આવી શકતા નથી. અને માટે જાણે-અજાણ્યે રોજિંદા જીવનમાં બનતી નાની-મોટી ખાટી-મીઠી ક્ષણોને તે માણી જ શકતા નથી! આ ઉપરાંત કુટુંબ પરિવાર, પાડોશી અને સામાજિક બંધનોમાં અનેક રીતે સંકલાયેલી વ્યક્તિ હવે એ સંબંધોનું મૂલ્યાંકન કરતો થઈ જાય છે જેના પરિણામે, છેતરાયાનો ભાવ અનુભવી નિરાશ બની બેસે છે. પત્ની તેમ જ બાળખો સાથે કામના કારણે પહેલેથી થોડો દૂર રહેલો આવો પુરુષ હવે પોતાની પત્નીની ઈર્ષ્યા અનુભવતો બની જાય છે. પત્નીનું જીવન બાળકોની આસપાસ સતત સંકળાયેલું હોવાને કારણે પત્ની અને બાળકો એકબીજાથી થોડા વિશેષ નજીક હોય છે. પણ જો ખરેખર વૃદ્ધાવસ્થાને માણવી હોય તો પોતાના સંતાનોનાં નાના-મોટા બાળકો સાથે આત્મીયતા કે ઘરોબો કેળવીને તેની સાથે સાયુજ્ય સાધવામાં આવે તો વૃદ્ધાવસ્થા કે રીટાયર્ડમેન્ટના નિરસ 'phase' માં એક નવું જોમ ઉમેરાઈ શકે છે ! મૃત્યુ એ જીવનનું સનાતન અંતિમ સત્ય છે અને આપણા જન્મ સાથે જ મૃત્યુ નિશ્ચિત થઈ જતું હશે એવું આપણે ધારીએ છીએ ત્યારે જીવનના આ અંતિમ તબક્કાને મન ભરીને જીવવું, માણવું અને ખીલવવું ખૂબ અગત્યનું હોય છે. મનમાં ચાલતા અજંપાને ખંખેરીને નવા જોમ અને જુસ્સાથી પળેપળને માણતા, જીવતા અને જીરવતા આવડી જાય તો જેટલું જીવાય તેટલું તો મન ભરીને માણી ન શકીએ ! સ્ત્રી અને પુરુષ બંને જયારે આજના સમયમાં કામ કરતા થયા છે ત્યારે બંનેએ 'રીટાયર્ડમેન્ટ' અંગેનો વ્યક્તિગત પ્લાન ગોઠવીને ન જીવેલી, ન માણેલી, નોકરી કે ધંધાના કારણે ગુમાવેલી યુવાનીની અમૂલ્ય પળોને હવે સમય મળ્યે મન ભરીને માણવી જ રહી !

Last Seen :

અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા
નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે;
મળી છે અમોને જગા મોતીઓમાં !

- 'શૂન્ય' પાલનપુરી
- nehalgadhavi101@gmail.com

દલા તરવાડીનું રાજકારણ : આંધ્ર હવે રાજકીય લહાણીનું મોડેલ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

હજુ તો ૨૦૧૪માં જ લોકપ્રિયતા લણી લેવાની લાહ્યમાં સ્થાનિકોના વિરોધ છતાં આંધ્ર પ્રદેશનું ઉતાવળે વિભાજન કરીને તેલંગણ રાજયની પ્રસૂતિ કરાવનાર કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર તો મે ૨૦૧૪માં ઘરભેગી થઈ, પણ સાથે જ ક્યારેક કોંગ્રેસનો ગઢ લેખાતા આંધ્ર પ્રદેશનાં બે ફાડિયાં થયેલાં બંને રાજ્યોમાં પણ કોંગ્રેસ ધોવાઈ ગઈ હતી.રાજકારણમાં હવે ફરીને દલા તરવાડીનો યુગ બેઠો હોય એવું લાગે છે. કોઈની વાડીમાંથી રિંગણાં ચોરતા દલા તરવાડી પોતે જ પોતાને પૂછે કે રિંગણાં લઉં બે-ચાર? અને એનો ઉત્તર પોતે જ વાળે કે લેને દસ-બાર! અગાઉની ચંદ્રબાબુ નાયડુ સરકારે નવઆકારિત આંધ્રની રાજધાની અમરાવતીમાં બાંધીને એને વિશ્વકક્ષાની રાજધાની બનાવવાના સ્વપ્ન સાથે વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે એનો શિલાન્યાસ પણ કરાવ્યો હતો. હવે મોદી-મિત્ર નવા મુખ્યમંત્રી જગન રેડ્ડીને દક્ષિણ આફ્રિકાના ધોરણે રાજ્યમાં ત્રણ-ત્રણ રાજધાની બંધાવાના અભરખા જાગ્યા છે. સંભવત છે કે એ ત્રણેય રાજાધાનીઓમાંથી નવી બેનો શિલાન્યાસ કરાવવા તેઓ ફરીને વડાપ્રધાન મોદીને જ તેડાવે. આંધ્રની પ્રજાના હિસાબે અને જોખમે શાસકો પણ આવી જ કવાયત કરીને ચોકમાં મનોરંજન કરાવનારા નટ-બજાણિયા જેવી ભૂમિકામાં જ જોવા મળે છે. પેલા નટ-બજાણિયા તો જીવનનિર્વાહ માટે આવા ખેલથી મનોરંજન કરાવે છે અને પ્રજા સ્વેચ્છાએ એમને નાણા આપે છે, રાજકીય નટ-બજાણિયા તો પોતાના રાજકીય-નિર્વાહ માટે આવું કરે છે. તેઓ આવું મનોરંજન કરાવીને પ્રજાને ભોળવી રાજસત્તા મેળવવા આવી લોકપ્રિય કવાયતોની કરામતો આદરે છે. દેશભરમાં જ નહીં, દુનિયાભરમાં આજકાલ આવા ગણતરીબાજ જોકરોનું ચલણ છે અને એ પોતાનાં તરભાણાં ભરી રહ્યા છે. પ્રજાને આંબા-આંબલી બતાવીને એકવાર સત્તામાં આવી ગયા પછી સરકારી તિજોરીના જોરે પ્રજાને ખુશખુશાલ કરી દેવાની કવાયતોમાં ક્યારેક તો બોલો કેટલા જાહેર કરું? જેવા ખેલ શરૂ થાય છે અને ભોળી પ્રજાનાં ખિસ્સાં ખાલી કરાવીને એને મેળે મહાલવાનો આનંદ કરાવવાના ઉપકારની અનુભૂતિ કરાવે છે!

બબ્બે નહીં, ત્રણ-ત્રણ

ભારત દેશમાં અનેકતામાં એકતાનું સૂત્ર સ્વીકારાયા છતાં હવે ઘણા નોખા પલટા આવતા જાય છે. કોઈ રાજ્યમાં ત્રણ-ત્રણ રાજધાની બાંધવાનો વિચાર મુખ્યમંત્રી પોતે રજૂ કરે અને કહ્યાગરી સમિતિઓ કનેથી અનુકૂળ અહેવાલ લઈ લે તો એ મુખ્યમંત્રીના અનુગામીને તુક્કો સૂઝે કે આપણે તો ત્રણ નહીં, ચાર રાજધાની સ્થાપવી છે તો એને વારવાનું મુશ્કેલ બની જાય એવા સંજોગો છે. આંધ્ર માટે દસ વર્ષ લગી હૈદરાબાદ રાજધાની રહી શકે એમ હોવા છતાં અમરાવતી ઉપરાંત વિશાખાપટ્ટનમ અને કૂર્નૂલમાં પણ રાજધાની બાંધવાનો જગન રેડ્ડીનો સંકલ્પ છે. મદ્રાસમાંથી અલગ આંધ્ર પ્રદેશ રાજ્ય બન્યું ત્યારે કૂર્નૂલ રાજધાની હતી.

- **મહારાષ્ટ્ર અને જમ્મૂ-કાશ્મીરની બબ્બે રાજધાની પછી આંધ્રમાં ત્રણ રાજધાની**
- **રાજધાની દિલ્હીથી દૌલતાબાદ ખસેડનાર શાસક મહમંદ તુઘલખનો પુનર્જન્મ**
- **મુખ્યમંત્રી જગન રેડ્ડીને અનુસરીને ભાજપના ય ત્રણ-ત્રણ નાયબ મુખ્યમંત્રી**
- **કેન્દ્ર પણ હવે નાગપુર કે મહિસૂરને રાજધાની બનાવવા વિચારે તો નવાઈ નહીં**
- **ગુજરાતમાં પ્રજાની સુવિધાને નામે રાજકોટ,વડોદરા અને સુરત પણ રાજધાની!**

હજી વર્તમાન આંધ્રમાંથી પણ અલગ રાજ્યને જન્માવવાની જનતાની માંગણી ઊભી જ છે. અગાઉના જમ્મૂ-કાશ્મીર રાજ્યમાં શ્રીનગર રાજધાની રહ્યું,પણ શિયાળામાં દરબાર જમ્મૂ ખસેડાતો રહ્યો છે. હવે બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત આ રાજ્યની આ વ્યવસ્થા ચાલુ રહેશે કે કેમ એ અનિશ્ચિત છે. અત્યાર લગી મહારાષ્ટ્રમાં મુંબઈ રાજધાની અને નાગપુર એની ઉપ-રાજધાની ગણાતી રહી છે. એનો પણ ઐતિહાસિક સંદર્ભ છેઃ મુંબઈ રાજ્યમાંથી ૧૯૬૦માં ગુજરાત છૂટું પડ્યું એ પહેલાં મધ્ય પ્રાંતની રાજધાની નાગપુર હતી. સેન્ટ્રલ પ્રોવિન્સ (સીપી)ની આ રાજધાની આજના ભારતના મધ્યમાં જ છે.ભાજપના ચૂંટણી ઢંઢેરા કે સંકલ્પપત્રમાં કાયમ મહારાષ્ટ્રથી અલગ વિદર્ભ રાજ્ય આપવાની ખાતરી સ્થાન લેતી હતી.જોકે એની મિત્રપક્ષ શિવસેના સાથે ૧૯૯૫માં પહેલીવાર રાજ્યમાં સરકાર બની એટલે એ મુદ્દો શિવસેનાના વિરોધને કારણે અભેરાઈએ ચડ્યો. એવું જ આંધ્રમાં થયું હતુંઃ ભાજપ થકી મત લણવા પ્રજાને તેલંગણ રાજ્ય બનાવવાનું વચન અપાતું હતું,પણ મિત્રપક્ષ તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) સાથે સરકારમાં રહેવાના ગાળા દરમિયાન એ મુદ્દો પણ બાજુએ સારવામાં આવ્યો હતો.હવે તો ભાજપની શિવસેના અને ટીડીપી બેઉ સાથે ફારગતી થઈ ચુકી છે અને દિલ્હીમાં સત્તામાં ભાજપ છે. રાજ્યોના સૂબા પણ એને અનુકૂળ રહેવાની કોશિશમાં રહ્યા છે. ક્યારેક હજારો કરોડના ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની જાહેરાત માટે જે જગન રેડ્ડી પર ભાજપ થકી માછલાં ધોવાતાં હતાં અને આજેય જેની સામે સીબીઆઈ અદાલતમાં ખટલા ચાલે છે એ હવે મિત્ર છે એટલે માત્ર અનુકૂળતાઓ જ વધી નથી, મુખ્યમંત્રી જગનનું અનુસરણ પણ ભાજપ થકી થવા માંડ્યું છે. જોકે આંધ્રની સત્તા પોતાના હાથમાં લેવા માટે ભાજપની આંખમાં રમતાં સાપોલિયાંને ના પીછાણે એટલા ભોળા જગન ના જ હોય.

જગન આધુનિક તુઘલખ

ભારતીય ઈતિહાસમાં મહંમદ તુઘલખ જેવો એક તરંગી શાસક થઈ ગયાનું આજકાલ આંધ્રમાં ચર્ચામાં છે. મુખ્યમંત્રી જગનને આધુનિક તુઘલખ ગણવામાં આવે છે. તુઘલખે પોતાની રાજધાની દિલ્હીથી દૌલતાબાદ અને દૌલાતાબાદથી દિલ્હી ખસેડવાના તરંગી વિચારના અમલમાં જે હાસ્યાસ્પદ ચિત્ર ઊભું કર્યું હતું એ હજુ લોકો સ્મરે છે. એકવાર સત્તામાં આવ્યા પછી વર્તમાન સમયમાં અને લોકશાહી પરંપરામાં પણ ઘણા શાસકો તુઘલખી શાસનનો પરિચય કરાવે છે. સૌને રાજી રાખીને રાજ કરવામાં માનતા જગન રેડ્ડી મૂળે કોંગ્રેસના લોકપ્રિય મુખ્યમંત્રી રહેલા વાય.એસ. રાજશેખર રેડ્ડીના સુપુત્ર છે. પિતાના આકસ્મિક મૃત્યુ પછી જગન રાજકારણમાં આવ્યા અને કોંગ્રેસના મોવડીમંડળ સાથે ગોઠ્યું નહીં એટલે અલાયદો પક્ષ રચીને રાજકીય ચમત્કાર તરીકે રાજ્યના સુકાની બન્યા. ભ